RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 293, Dt.28-2-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેરબજારમાં કડાકો : ૭ લાખ કરોડ સ્વાહા !

## ટ્રમ્પ ઈફેક્ટ : શેરબજાર ઉંધા માથે પછડાયું : સેન્સેક્સ ૧૪૦૦ પોઈન્ટ તુટયો : નીફટી ૩૦૦ થી વધુ પોઈન્ટ ડાઉન : ૧૯૯૬ પછી પહેલીવાર શેરબજાર સતત પાંચ મહિના ગબડયું

**મુખ્ય સમાચાર, મુંબઈ**

સપ્તાહના છેલ્લા કારોબારી દિવસે શુક્રવારે શેરબજારની શરૂઆત ઘટાડા સાથે થઈ. બંને મુખ્ય સૂચકાંકો, સેન્સેક્સ અને નિફ્ટી, લાલ નિશાનમાં ખુલ્યા. બેકિંગ અને આઈટી ક્ષેત્રના મોટા શેરોમાં ઘટાડાને કારણે બજાર દબાણ હેઠળ આવ્યું. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નવા ટેરિફ નિવેદનો પર રોકાણકારો પ્રતિક્રિયા આપી રહયા હતા. ઉપરાંત, જીડીપી ડેટાની પણ રાહ જોવાઈ રહી હતી. ઈન્ટ્રાડે સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટ તૂટયો હતો સવારે ૧૦.૧૫ વાગ્યે, બીએસઈ સેન્સેક્સ ૯૮૧ પોઈન્ટ અથવા ૧.૨૫% ઘટીને ૭૩૬૩૧ પર રહ્યો હતો. નિફ્ટી ૫૦ પણ ૩૧૬ પોઈન્ટ અથવા ૧.૨૧% ઘટીને ૨૨૨૨૮ પર ટ્રેડ થઈ રહયો હતો. આ ઘટાડાને કારણે, ઈજી લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૭ લાખ કરોડ રૂપિયા ઘટી ગયું છે. શેરબજારમાં સતત પાંચમા મહિને ઘટાડો થયો છે. ૧૯૯૬ પછી આ પહેલી વાર છે જ્યારે શેરબજારમાં સતત પાંચ મહિના સુધી ઘટાડો થયો છે. આજે બજારમાં કડાકો બોલી જતાં રોકાણકારો સ્તબ્ધ થઈ ગયા છે. મુડીનું એકધારૂ ધોવાણ થઈ રહયુ છે.

અમેરિકન બજારમાં ચિપ નિર્માતા કંપની ગદશમશફના શેર ઘટયા બાદ, શરૂઆતના વેપારમાં નિફ્ટી ઈઝ ઈન્ડેક્સના શેર ૪% જેટલા ઘટયા હતા. પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ, ટેક મહિન્દ્રા અને એમ્ફેસિસ સૌથી વધુ નુકસાનમાં રહ્યા. આઈટી કંપનીઓ માટે દિવસ સારો નહોતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ પણ ૨% થી વધુ ઘટયો. બેંકિંગ, મેટલ, ફાર્મા, કન્ઝ્યુમર ડયુરેબલ્સ અને ઓઈલ અને ગેસ સેક્ટર ઈન્ડેક્સ પણ ૧-૨% ઘટયા છે. લગભગ દરેક ક્ષેત્રમાં ઘટાડો જોવા મળ્યો. આજે શેરબજારમાં ઘટાડા પાછળ ઘણા કારણો છે.

નિફ્ટી બેંક પણ ૫૦૦ થી વધુ પોઈન્ટ ઘટયો છે. આ મોટો ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર મેક્સિકો, કેનેડા અને ચીન પર ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. વૈશ્વિક બજારમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે.શેરબજારમાં આજે વધુ એક બ્લેક ફ્રાઈડે સર્જાયો હોય તેમ સેન્સેકસમાં ૧૦૦૦ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. હેવી વેઈટથી માંડીને



રોકડાના શેરોમાં બેફામ વેચવાલીના કારણે સેન્સેક્સ ૭૪ હજારની સપાટીને અંદર ધસી ગયો હતો અને ઈન્વેસ્ટરોને ૬ લાખ કરોડથી વધુની રકમનું નુકસાન થયું હતું.

અમેરિકાના ટ્રેડ વોર વિદેશી નાણાં સંસ્થાઓની સતત વેચવાલી, જુદા જુદા દેશો વચ્ચે ભૌગોલિક ટેન્શન સહિતના અનેકવિધ કારણોથી સર્જાયેલા અનિશ્ચિતતાના માહોલના કારણે શેરબજાર કેટલાક વખતથી મંદીમાં રહ્યું છે.

મુખ્યત્વે અમેરિકાના ટેરીફ વોરનો ગભરાટ છે, કેનેડા, મેકસીકો તથા ચીન પર આવતા સપ્તાહથી ટેરીફનો અમલ કરવાની ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાતના પગલે નવેસરથી ગભરાટનો માહોલ સર્જાયો હતો. આજે શરૂઆતથી જ શેરબજારમાં વેચવાલીનો મારો હતો અને તમામે તમામ શેરો નીચે સરકતા રહ્યા હતા.

જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે માર્કેટનો ટ્રેન્ડ જ નબળો છે. અનિશ્ચિતતાભર્યા માહોલ વચ્ચે નવી લેવાલીનું જોખમ લેવા બ્રોકરો કે ઈન્વેસ્ટરો તૈયાર નથી. પરિણામે વેચવાલીનું ભારણ વધતું રહ્યું છે અને મોટા ભાગના શેરો નીચે ઉતરી રહ્યા છે.શેરબજારમાં આજે મહિન્દ્ર, નેસલે, પાવર ગ્રીડ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ ટાટા સ્ટીલ, ટીસીએસ, ટાઈટન, એશિયન પેઈન્ટસ, બજાજ ફાયનાન્સ, ભારતી એરટેલ, એચસીએલ ટેકનો, ઈન્ડુ ઈન બેંક, ઈન્ફોસીસ, કોટક બેન્ક, લાર્સન, મારૂતિ, ટેક મહિન્દ્રા, વિપ્રો સહિતના હેવીવેઈટ શેરોમાં ગાબડા પડયા હતા. મંદી બજારે પણ અદાણી પોર્ટ, એકસીસ બેંક, એચડીએફસી બેંક જેવા કેટલાક શેરો મજબુત હતા.

મુંબઈ શેરબજારનો સેન્સેટીવ ઈન્ડેક્ષ ૮૭૩ પોઈન્ટના કડાકાથી ૭૩૭૩૮ સાંપડયો હતો જે ઉંચામાં ૭૪૨૮૨ તથા નીચામાં ૭૩૫૭૯ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૨૫૬ પોઈન્ટના ગાબડાથી ૨૨૨૮૮ હતો જે ઉંચામાં ૨૨૪૫૦ તથા નીચામાં ૨૨૨૨૪ હતો. શેરબજારમાં કડાકાથી ઈન્વેસ્ટરોની ૬ લાખ કરોડની શેરમૂડીનું ધોવાણ થયું હતું.ગુરુવારે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પુષ્ટિ કરી હતી કે કેનેડા અને મેક્સિકો પર ૨૫% ટેરિફ ૪ માર્ચથી અમલમાં આવશે. આ સિવાય ચીન પર પહેલાથી જ લાગેલા ૧૦% ટેરિફ સાથે ૪ માર્ચથી ૧૦% વધારાની ટેરિફ લાદવામાં આવશે. જેના કારણે બજારોમાં દબાણ વધ્યું છે. અમેરિકન અને એશિયન માર્કેટમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

# ભારત સહિત આસપાસના છ દેશોમાં ૮ ભૂકંપના આંચકા

■ નેપાળમાં ૬.૧ની તિવ્રતાના ભૂકંપથી બિહારની ધરતી ધ્રુજી




**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારત અને તેના આસપાસના ક્ષેત્રોમાં સતત વધી રહેલા ભૂકંપના આંચકામાં આજે ભારત સહિત આસપાસના છ દેશોમાં ૮ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં આસામથી પાકિસ્તાન સુધી છ વખત ભૂકંપ નોંધાયો હતો જે અલગ અલગ સમયે નોંધાયા હતા.

નેપાળમાં ૬.૧ની તિવ્રતાનો આંચકો નોંધાયો જેની અસર બિહારથી આસામ સુધી અનુભવવામાં આવી હતી તથા આ તિવ્ર આંચકાથી લોકો ગભરાટ અનુભવીને ઘરની બહાર આવી ગયા હતા. આ ભૂકંપનો આંચકો રાત્રીના ૨.૩૬ કલાકે નોંધાયો હતો તો બાદમાં પાકિસ્તાનમાં વહેલી સવારે ૫.૪૧ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય ભૂકંપ માપક કચેરીના ડેટા મુજબ નેપાળમાં આવેલા ભૂકંપ ૬.૧ની તિવ્રતાનો હતો અને તે વ્યાપક નુકસાન સર્જી શકે તેવો હતો પણ તેની અસર વધુ વ્યાપક હતી તેથી તે સ્થાનિક સ્તરે કોઈ જાનહાની સર્જી શકયો નથી. આ ભૂકંપનું ભૂમીબિન્દુ કાઠમંડુથી ૬૫ કી.મી. દૂર ભૈરવકુંડમાં હતુ. તો આ ભૂકંપના કારણે ભારતમાં બિહારના અનેક વિસ્તારો તો છેક ઉત્તરપુર્વમાં સિક્કીમ, દાર્જીલિંગ સુધી હતી. પાકમાં ભૂકંપનો આંચકો સવારે ૫.૧૪ કલાકે લાગ્યા હતા જેની તિવ્રતા ૪.૫ની નોંધાઈ હતી અને તેનું ભૂમિબિન્દુ પાકના બરખાન પાસે નોંધાયુ છે.બાદમાં પણ કોઈ જાનમાલની નુકશાનના અહેવાલ નથી તો પાડોશી મ્યાનમાર, તાજીકીસ્તાનમાં પણ સવારે ૨.૨૫ કલાકે ભૂકંપના આંચકા નોંધાયા હતા અને તેની અસર ઓડિસા અને પ.બંગાળ સુધી અનુભવાઈ હતી જેની રીકટર સ્કેલ પર તિવ્રતા ૫.૦૦ ની માપવામાં આવી હતી.

# આધાર પ્રમાણીકરણ મંજૂરી પ્રક્રિયાને સરળ બનાવવા માટે આધાર ગુડ ગવર્નન્સ પોર્ટલ શરૂ

## નવું આધાર ગવર્નન્સ પોર્ટલ જીવનને સરળ બનાવશે, સેવાઓને વધુ લોકો માટે મૈત્રીપૂર્ણ બનાવશે અને નાગરિકો-કેન્દ્રિત સેવાઓની પહોંચમાં સુધારો કરશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે આજે આધાર પ્રમાણભૂતતા વિનંતીઓ માટે મંજૂરી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે આધાર ગુડ ગવર્નન્સ પોર્ટલ લોન્ચ કર્યું છે. આ આધારને વધારે લોકોને અનુકૂળ બનાવવા, જીવન જીવવાની સરળતાને સક્ષમ બનાવવા અને લોકો માટે સેવાઓની વધુ સારી સુલભતાને સક્ષમ બનાવવાનાં પ્રયાસ સાથે સુસંગત છે.

આધાર સુશાસન પોર્ટલનો શુભારંભ ખયશઢિંના સચિવ એસ. કૃષ્ણને કર્યો હતો. આ પ્રસંગે યુઆઈડીએઆઈના સીઈઓ ભુવનેશ કુમાર, એનઆઈસીના મહાનિદેશક ઈન્દ્રપાલ સિંહ સેઠી, યુઆઈડીએઆઈ ડીડીજી મનીષ ભારદ્વાજ, યુઆઈડીએઆઈના ડીડીજી આમોદ કુમાર અને એમઈઆઈટીવાય, યુઆઈડીએઆઈ અને એનઆઈસીના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ઓનલાઈન પ્લેટફોર્મ (http://swik.meity.gov.in) સુશાસન (સમાજ કલ્યાણ, નવીનતા, જ્ઞાન) સુધારા નિયમો, ૨૦૨૫ માટે આધાર પ્રમાણીકરણને અનુસરીને અસરકારક બન્યું છે. જે જાન્યુઆરી ૨૦૨૫ના અંતમાં આધાર (નાણાકીય અને અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષ્યાંકિત ડિલિવરી) અધિનિયમ, ૨૦૧૬ હેઠળ સૂચિત કરવામાં આવ્યા હતા. નિર્ણય લેવાની પ્રક્રિયામાં પારદર્શિતા અને સમાવેશકતા સુધારવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે. આધારને વિશ્વમાં સૌથી વિશ્વસનીય ડિજિટલ આઈડી માનવામાં આવે છે. છેલ્લા એક દાયકામાં એક અબજથી વધુ ભારતીયોએ ૧૦૦ અબજથી વધારે વખત આધારનો ઉપયોગ કરીને આધાર પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ સુધારામાં દર્શાવ્યા મુજબ આધાર પ્રમાણભૂતતાના અવકાશના વિસ્તરણથી જીવનની સરળતામાં વધારો થશે અને તેમની પસંદગીની નવી સેવાઓની સુવિધામાં મુશ્કેલી વિના પ્રવેશની સુવિધા મળશે.




MeITYના સચિવ શ્રી કૃષ્ણને જણાવ્યું હતું કે, આ પ્લેટફોર્મ લોન્ચ થવાથી અને તેની આસપાસની અન્ય પ્રક્રિયાઓ અને વ્યવસ્થાઓમાં સતત સુધારા સાથે અમે સુશાસન અને જીવન જીવવાની સરળતાના ક્ષેત્રમાં વધુ ઉપયોગના કિસ્સાઓ ઉમેરવાની પ્રક્રિયા ઝડપી બનાવવાની આશા રાખીએ છીએ.

UIDAIના સીઈઓ ભુવનેશ કુમારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આધાર કેવી રીતે ભારતના ડિજિટલ અર્થતંત્રના વિકાસને સુલભ બનાવે છે.

# અનાજ, શાકભાજી, કઠોળ-દાળ, સહિતની ખાદ્યચીજોની કિંમતોમાં અસહ્ય વધારો

## નફા - સંગ્રહાખોરી બેફામઃ જથ્થાબંધ - રીટેલ ભાવોનું અંતર વધ્યુ

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

અનાજ, શાકભાજી, કઠોળ-દાળ, સહિતની ખાદ્યચીજોની કિંમતોમાં છેલ્લા વર્ષોમાં મોટો વધારો થયો છે. સાથોસાથ નફાખોરી પણ વધતી રહી હોય તેમ જથ્થાબંધ અને રીટેઈલ ભાવો વચ્ચેનું અંતર પણ વધ્યુ હોવાનો રિઝર્વ બેન્કનાં રિપોર્ટમાં ખુલાસો થયો છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ કૃષિ સપ્લાય શ્રૃંખલાની ગતિશીલતા આધારીત અધ્યયનનો ફેબ્રુઆરીનાં રીપોર્ટમાં ઉલ્લેખ કર્યો છે જે મુજબ ૨૦૧૧ માં મંડીનાં ઘઉંના ભાવ તથા રીટેઈલ માર્કેટમાં વેંચાતા લોટની કિંમતમાં માત્ર પાંચ રૂપિયાનું અંતર હતું તે ૨૦૨૪ માં વધીને રૂા.૨૦ નું થયુ છે.

| કૃષિપેજ | વર્ષ | મંડીનો ભાવ | રીટેલ ભાવ |
|---|---|---|---|
| ઘઉં | ૨૦૧૧ | ૧૩૨.૧૩ | રૂા.૧૮ (લોટ) |
| ઘઉં | ૨૦૨૪ | ૪૦ | રૂા.૬૦ (લોટ) |
| ચણા | ૨૦૧૧ | ૨૭ | ૩૫ |
| ચણા | ૨૦૨૪ | ૩૦ | ૩૫ |
| બટેટા | ૨૦૧૧ | ૫ | ૯ |
| બટેટા | ૨૦૨૪ | ૩૫ | ૪૫ |
| ટમેટા | ૨૦૧૧ | ૬ | ૧૦ |
| ટમેટા | ૨૦૨૪ | ૨૦ | ૩૫ |
| ડુંગળી | ૨૦૦૦ | ૮ | ૧૨ |
| ડુંગળી | ૨૦૨૪ | ૩૦ | ૪૦ |

ખેડુતો, ટ્રેડરો તથા છુટક વેપારીઓને સામેલ કરીને કરેલા અભ્યાસમાં એક તારણ નિકળ્યુ હતું કે, પસંદગીની કેટલીક કૃષિ ચીજોનાં રીટેઈલ ભાવમાંથી ખેડુતોને તો માત્ર ૪૦ થી ૬૭ ટકા કિંમત જ મળે છે.સૌથી વધુ ઘઉંમાં આ હાલત છે.

વચેટીયાઓની નફાખોરી રોકવા તથા ખેડુત અને ગ્રાહક બન્નેને રાહત મળે તે માટે નીતિ વિષયક કદમ અનિવાર્ય ગણાવવામાં આવ્યા છે.

આ માટે બજાર સંલગ્ન માળખાને બનાવવા કોલ્ડ સ્ટોરેજ સુવિધાનું વિસ્તરણ કરવા સુચવાયુ છે.સપ્લાય ચેઈનને મજબુત કરવા પર પણ ભાર મુકયો છે જેથી અનાજ-કઠોળની કાપણી પછીનું નુકશાન અટકાવી શકાય.

આ પ્રકારનાં કદમથી કિસાનો તથા ગ્રાહકો બન્નેને લાભ થઈ શકશે. કિસાનોને ઉપજના યોગ્ય ભાવ મળી શકશે. ગ્રાહકોને રાહત થશે તથા મોંઘવારી ઘટાડવામાં પણ મદદ મળશે.



અધ્યયનમાં રીટેઈલ વેપારીઓ દ્વારા એમ કહેવાયું છે કે, વખતોવખત અચાનક વધતી મોંઘવારી પાછળ અનેકવિધ કારણો જવાબદાર હોય છે. તેમાં ૮૦ ટકા સંગ્રહાખોરીનું કારણ જવાબદાર છે.

હવામાન પલ્ટાને કારણે ૪૦ ટકા કિસ્સામાં ભાવ વધે છે. સોનાની કિંમતમાં વધારાનુ કારણ ૧૮ ટકા છે. વૈશ્વિક સપ્લાય ચેઈનમાં વિઘ્નને કારણે મોંઘવારીમાં વધારાનો દર ૧૭ ટકા થવા જાય છે.

# અમેરિકામાં સરકારી વિભાગોમાં શરૂ કરેલી છટણી સામે અદાલતી જંગ છેડાયો

■ હજારો કર્મચારીઓને હાલ રાહત : ટ્રમ્પની 'ઓથોરિટી' અંગે જ પ્રશ્ન ઉઠાવાયો




**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક બાદ એક સરકારી વિભાગોમાં શરૂ કરેલી છટણી સામે હવે અદાલતી જંગ છેડાયો છે અને આરોગ્ય અને માનવ સેવા સાથે જોડાયેલા કર્મચારીઓની વ્યાપક છટણી સામે અહીની એક ફેડરલ કોર્ટે સ્ટે આપીને ટ્રમ્પ આ પ્રકારે લે-ઓફ છટણીના કોઈ ઓથોરિટી જ નહી હોવાનું જણાવીને આદેશ સામે નસ્ટેથ આપી દીધો છે. અમેરિકી ડિસ્ટી. જજ વિલીયમ અલ્પસે આ સાથે ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ મેનેજમેન્ટના આદેશને સ્થગીત કરી દીધો છે. જેમાં સંરક્ષણ, નેશનલ માર્ક સર્વિસ, બ્યુરો ઓફ લેન્ડ મેનેજમેન્ટ અને નેશનલ સાયન્સ ફાઉન્ડેશનનો પણ સમાવેશ થાય છે. જેમાં પોતાની નોકરીમાં પ્રથમ કે બીજા વર્ષમાં હતા તેઓની નોકરી આ આદેશથી પુરી કરવામાં આવી હતી જે હાલ યથાવત રહેશે. ટ્રમ્પે આ પ્રકારે નોકરી પુરી કરવાની પ્રક્રિયા અપનાવી હતી તે નિશ્ચિત થયુ છે અને તે રીતે હાલ હજારો માટે થોડી રાહત છે. અમેરિકાએ જે રીતે સરકારી ખર્ચ ઘટાડવા માટે એલન મસ્કના નેતૃત્વ હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્મેન્ટ એફીસીયન્સી દ્વારા દરેક પ્રકારે ખર્ચમાં કાપ મુકવામાં આવી રહ્યો છે તેની સામે પણ વિરોધ વધ્યો છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાલે સાંજે જામનગરમાં : રવિવારે 'વનતારા'ની મુલાકાત

**મુખ્ય સમાચાર,જામનગર**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આવતીકાલે સાંજે જામનગર જિલ્લાની મુલાકાતે આવી રહ્યાં છે. વડાપ્રધાનના આ પ્રવાસ સંદર્ભે જિલ્લાનું વહીવટીતંત્ર તૈયારીમાં ગળાડૂબ થયું છે. વ્યવસ્થાની બાગડોળ જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે હાથમાં લીધી છે. ગઈકાલે સાંજ સુધી ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકનો ધમધમાટ ચાલ્યો હતો.

વડાપ્રધાન રાત્રી રોકાણ જામનગરમાં કરશે અને રવિવારે વહેલી સવારે જામનગરથી ૩૦ કિમી દૂર આવેલ રિલાયન્સ રિફાઈનરી પાસેના રિલાયન્સના ટ્રસ્ટ સંચાલિત પ્રાણી સંગ્રહાલય - રેસ્કયુ સેન્ટર નવનતારાથની મુલાકાતે જનાર છે. આથી જામનગર એરપોર્ટથી વનતારા સુધીનો માર્ગ પણ ચોખ્ખો ચણાક કરવા માટે તંત્રએ કમ્મર કસી છે. વનતારાથી વડાપ્રધાન રવાના થઈ હવાઈ માર્ગે જૂનાગઢ જવા રવાના થશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં તા.૨ માર્ચને રવિવારના રોજ સાસણ ગીર ખાતે નેશનલ વાઈલ્ડ લાઈફ કોન્ફરન્સનું આયોજન થયું છે. આ કાર્યક્રમમાં હાજરી આપતા પહેલાં વડાપ્રધાન જામનગર જિલ્લાની ટૂંકી મુલાકાત લેશે. સુત્રોના જણાવ્યા અનુસાર સરકારની સુચનાથી જામનગર જિલ્લા વહીવટી તંત્રએ આ માટે તૈયારી શરૂ કરી દીધી છે. ગઈકાલે બપોરથી સાંજ સુધી જિલ્લા કલેક્ટર કેતનભાઈ ઠક્કર દ્વારા શહેર જિલ્લાના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. ખાસ કરીને મ્યુનિસીપલ કમિશનર ડી.એન.મોદી અને જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ તેમજ જિલ્લા વિકાસ અધિકારી ડો.વિકલ્પ ભારદ્વાજ



સાથે ખાસ ચર્ચા કરી હતી અને આયોજન સંદર્ભે જરૂરી કામગીરીની સુચનાઓ આપી હતી.

કલેકટરની સુચનાથી માર્ગ મકાન વિભાગે સર્કીટ હાઉસની સાફ સફાઈ અને રંગરોગાનની કામગીરી બે દિવસથી ચાલુ કરી દીધી છે. એરપોર્ટથી લાલબંગલા સુધી બેરીગેઈટ ઉભા કરી દેવાયા છે. એટલું જ નહીં આ માર્ગ ઉપર પોલીસ અને હોમગાર્ડનો બંદોબસ્ત પણ આજથી ગોઠવી દેવાયો છે.

વડાપ્રધાનની સુરક્ષા માટે પોલીસ અને હોમગાર્ડની ટીમોને આજે સવારે સર્કીટ હાઉસ ખાતે એકઠી કરી જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી. વડાપ્રધાનની સુરક્ષા સંભાળતી એસ.પી.જી.ની એક ટીમ પણ આજે બપોરે જામનગર આવી પહોંચી હતી. આ ટીમના સભ્યોએ સર્કીટ હાઉસનું નિરીક્ષણ કર્યુ હતું તેમજ વડાપ્રધાનના રૂટ એરપોર્ટથી સર્કિટ હાઉસ સુધીનું પણ નિરીક્ષણ કર્યુ હતું.

વડાપ્રધાનના કાર્યક્રમને કારણે પ્રદર્શન મેદાનમાં રહેલાં ઝુંપડા સહિતના દબાણો દૂર કરાયા છે. આ ઉપરાંત રૂટ ઉપર રહેલાં રેંકડી, પથારા સહિતના દબાણો પણ હટાવી દેવામાં આવ્યાં છે. વડાપ્રધાનના સ્વાગત માટે ભાજપના આગેવાનો અને ધારાસભ્ય તથા ચૂંટાયેલ પદાધિકારીઓના સ્વાગત બેનરો પણ લાગ્યા છે.

# નિર્ભયાકાંડ જેમ પુનામાં સર્જાયેલી દુષ્કર્મની સનસનીખેજ ઘટનામાં બળાત્કારીને પકડવામાં સફળતા

## ડોગ સ્કવોડ, ડ્રોન કેમેરાની મદદથી ૭૦ કલાકે આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર,પુના**

દિલ્હીના નિર્ભયાકાંડ જેવી જ પુનામાં સર્જાયેલી બળાત્કારની સનસનીખેજ ઘટનામાં છેવટે ૭૦ કલાક બાદ બળાત્કારીને પકડવામાં સફળતા મળી છે. ગામડામાં છુપાયેલા દતાત્રેય રામદાસ ગાડે નામનાં આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. બળાત્કાર કાંડથી ભારે આક્રોશને પગલે આરોપીને ઝડપવા પર એક લાખનુ ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. પુનાના સ્વગેટ બસ ડેપોમાં એક બસમાં મેડીકલ ક્ષેત્ર સાથે સંકળાયેલી યુવતી પર આરોપીએ બળાત્કાર કર્યો હતો.

સતારાની બસની રાહ જોતી યુવતીને આરોપી બીજી બસમાં લઈ ગયો હતો અને બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટનાને પગલે રાજયવ્યાપી રોષ ફાટી નીકળ્યો હતો. જેને પગલે સરકારે આરોપીને ઝડપવા માટે ૧૩ ખાસ ટીમોને કામે લગાડી હતી. ડોગ સ્કવોડની પણ મદદ લેવામાં આવી હતી અને બાતમી આપનાર માટે એક લાખનું ઈનામ જાહેર કર્યુ હતું.

તપાસનીસ પોલીસ ટીમો દ્વારા બસ સ્ટેન્ડનાં સીસીટીવીનાં આધારે તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો હતો. પોલીસના સુત્રોએ કહ્યું કે સળંગ ૭૦ કલાકની તપાસ બાદ ગામ લોકોની મદદથી આરોપીની ઓળખ શકય બની હતી અને શેરડીનાં ખેતરમાં છુપાયેલા આરોપીને પકડી લેવાયો હતો. બળાત્કાર કાંડ બાદ



આરોપી શાકભાજીનાં ટ્રકમાં બેસીને ગામડે પહોંચી ગયો હતો. કપડા બદલાવીને ત્યાંથી પણ ફરાર થઈ ગયો હતો અને શેરડીનાં ખેતરમાં છુપાયો હતો. આરોપીની હરકતથી ગામ લોકોને પણ શંકા ગઈ હતી અને પોલીસને જાણ કરવામાં આવી હતી. આરોપીને પકડવા ૧૦૦ થી વધુ જવાનોના કાફલાને દોડાવવામાં આવ્યો હતો. ડોગ સ્કવોડ તથા ડ્રોન કેમેરાની મદદથી ખેતરો ફેંદવાનું શરૂ કરવામાં આવ્યુ હતું અને છેવટે શેરડીનાં ખેતરમાંથી મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં આરોપી ગુન્હાહીત ઈતિહાસ ધરાવતો હોવાનું બહાર આવ્યુ છે. ચેઈન સ્નેચીંગ-ચોરી સહીત અર્ધો ડઝન ગુના તેના નામે નોંધાયેલા છે.

## વાંકાનેરમા તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ હેઠળ ગુમ થયેલ ૯ મોબાઈલ શોધી મૂળ માલીકને પરત કરાયા



**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા નસ્ત્રતેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત નસ્ત્રઈઊઈછ પોર્ટલ ના ઉપયોગથી આશરે ૨,૧૬,૧૮૯/- ની કિમતના કુલ-૦૯ જેટલા ખોવાયેલ મોબાઈલો શોધી કાઢી અરજદારોને પરત કરવામાં આવ્યા છે. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા સૂચના કરેલ હોય જે અનુસંધાને વાંકાનેર સીટી પોલીસ પીઆઈ એચ.એ.જાડેજાના સુપરવિઝન હેઠળ વાંકાનેર સીટી પોલીસ મથકમાં નોંધાયેલ અરજદારોના ખોવાયેલા મોબાઈલ શોધવા હેડ કોન્સ. ધર્મેન્દ્રભાઈ વાઘડિયા તથા કોન્સ. ભરતભાઈ દલસાણીયાએ EIR પોર્ટલનો ઉપયોગ કરી CEIRમા ખોવાયેલ મોબાઈલની એંટ્રી કરી સતત મોનીટરીંગ રાખી, ટેક્નીકલ વર્ક આઉટ કરી સર્વેલન્સ સ્ટાફને જરૂરી વિગતો આપતા તેમના દ્વારા જહેમત ઉઠાવી, અરજદારોના કુલ-૦૯ જેટલા આશરે ૨,૧૬,૧૮૯/- ની કિંમતના મોબાઈલો શોધી કાઢી તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ હેઠળ મૂળ માલીકોને એક સાથે પોલીસ મથકે બોલાવી મોબાઈલ પરત આપ્યા હતા. ત્યારે સુરક્ષા સાથે સેવાનુ ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે એ સુત્ર વાંકાનેર સીટી પોલીસ એ સાર્થક કર્યુ છે.

## ટંકારા મોરબી રોડ ઉપરથી શ્રમિકનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળ્યો

■ પોલીસે ફોરેન્સિક પીએમ કરાવવા મૃતદેહ રાજકોટ ખસેડાયો



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લાના ટંકારા નજીક આવેલ પોલિપેક ફેક્ટરીના લેબર ક્વાર્ટર પાસે એક મજુરનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવતા ચક્ચાર મચી જવા પામી છે બનાવની જાણ થતા પોલીસ કાફલો દોડી ગયો હતો અને બનાવ આત્મહત્યા, હત્યા કે અકસ્માતનો છે તે જાણવા તપાસ શરૂ કરી મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવીલ હોસ્પિટલે ખસેડાયો છે. બનાવ અંગે મળતી વિગતો મુજબ ટંકારાથી મોરબી રોડ ઉપર ૧૨ નાલા પાસે આવેલ પોલિપેક ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતો અનુજ કુસ્વા ઉ.વ ૨૮ રહે. યુપી વાળાની લોહી લુહાણ હાલતમાં પડેલ લાશ જોઈ સ્થાનિકોએ ટંકારા પોલીસને જાણ કરી હતી પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને ટંકારા હોસ્પિટલ ખાતે લઈ ગયા બાદ ફોરેન્સિક પીએમ માટે રાજકોટ સિવીલ હોસ્પિટલે ખસેડ્યો હોવાનું જાણવા મળ્યું છે જો કે આ યુવાને આત્મહત્યા કરી કે અકસ્માતે મોત થયું કે હત્યા છે સહિતના મુદ્દાઓ ઉપર પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## જામનગર ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ ખાતે વિશ્વ કેન્સર દિવસની ઉજવણી કરાઈ




**મુખ્ય સમાચાર,જામનગર**

ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ જામનગર ખાતે ઓરલ મેડિસન અને રેડિયોલોજી વિભાગ દ્વારા નસ્ત્રવિશ્વ કેન્સર દિવસસ્ત્રસ્ત્ર ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ઓપીડીમાં આવેલ તમામ દર્દીઓની મોઢાની તપાસ કરીને કેન્સર અને કેન્સર પૂર્વેના તબક્કાનું નિદાન કરવામાં આવેલું હતું.જે દર્દીઓમાં કેન્સર સંબંધી વધારે લક્ષણો જણાયા તેઓની સાયટોસ્મિયર એટલે કે માઈક્રોસ્કોપ દ્વારા કોષોની તપાસ પણ કરવામાં આવેલ હતી. આ સાથે દર્દીઓ તેમજ સાથે આવેલ સગા-સંબંધીઓને તમાકુ, તમાકુની આડઅસરો, કેન્સર અને કેન્સરના વેહલા નિદાનથી સારવારમાં થતાં ફાયદાઓની સચિત્ર માહિતી વ્યાખ્યાન દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત દર્દીઓને એન્ટી ઓક્સડન્ટ દવાઓનું વિનામૂલ્યે વિતરણ પણ કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના ડીન ડો.નયનાબેન પટેલની સીધી દેખરેખ હેઠળ તેમજ વિભાગના વડા ડો.રીટા ઝા ના માર્ગદર્શન હેઠળ યોજાયેલ. કાર્યક્રમને સફળ બનાવવા ઓરલ મેડિસન અને રેડીઓલોજી વિભાગના ડોકટરો, ડો.માનસી ખત્રી, ડો.અભિષેક નિમાવત, ડો.કાજલ શીલું અને ડો.ફોઝિયા પઠાણે જહેમત ઉઠાવી હતી.

## મોરબી આયુષ હોસ્પિટલ ખાતે ત્રાંસી ગરદનની સફળ સર્જરી, પ્લાસ્ટિક સર્જરીથી શ્રેષ્ઠ સારવાર

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી આયુષ હોસ્પિટલમાં દાખલ થયેલ ૧૫ વર્ષીય દીકરી જન્મથી ત્રાંસી ગરદનની તકલીફથી પીડાતા હતા, તેમણે આયુષ હોસ્પિટલમાં સફળ પ્લાસ્ટિક સર્જરી કરાવી હતી. જ્યાં ડો. આશિષ હડીયલ દ્વારા કરવામાં આવેલ આ ઓપરેશન બાદ હવે દીકરીની ગરદન સામાન્ય હલન-ચલન કરી શકે છે અને તેમના દેખાવમાં પણ સુધારો આવ્યો છે. ત્યારે પરિવારજનોએ ડોક્ટર અને હોસ્પિટલ સ્ટાફનો આભાર માન્યો હતો.

મળતી માહિતી અનુસાર, જન્મથી જ ગરદન ત્રાંસી હોવાને કારણે ૧૫ વર્ષની અંકિતાબેન લાંબા સમયથી તકલીફ અનુભવી રહ્યાં હતા. ગરદન એક તરફ ઝુકેલી રહેતી હોવાથી તેમને હલન-ચલનમાં તકલીફ થતી હતી અને ગરદનમાં પણ દુખાવો થતો હોય, આમ તો ફિઝિયોથેરાપીથી પણ આ સમસ્યાનો ઉકેલ આવી શકે છે, પરંતુ કેટલાક કેસમાં ઓપરેશન જરૂરી બની રહે છે. જે બાબતે આયુષ હોસ્પિટલમાં પરિવારજનો દ્વારા દીકરીને લાવ્યા હતા, જ્યાં પ્લાસ્ટિક સર્જન ડો. આશિષ હડીયલ દ્વારા Congenital Torticollis (ત્રાંસી ગરદન)ની સમસ્યા અંગે સંપૂર્ણ સમજૂતી આપવામાં આવી હતી, જે બાદ, સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થયું અને હવે અંકિતાબેનની ગરદન સંપૂર્ણપણે સીધી થઈ છે.



વધુમાં ડો. આશિષ હડીયલ જણાવે છે કે Congenital Torticollis (ત્રાંસી ગરદન) એ મુખ્યત્વે જન્મથી જોવા મળતી તકલીફ છે, જેમાં ગરદનના એક તરફના સ્નાયુઓ સંકોચાઈ જતા હોય છે. આ તકલીફનો ઉકેલ શરૂઆતી તબક્કામાં ફિઝિયોથેરાપી દ્વારા શક્ય છે, પરંતુ ૧ વર્ષથી વધુ ઉંમર ધરાવતા બાળકોમાં અથવા ફિઝિયોથેરાપીથી સુધારો ન જોવા મળે ત્યારે સર્જરી એ શ્રેષ્ઠ વિકલ્પ બની રહે છે. અંકિતાબેન અને તેમના પિતા આ સફળ ઓપરેશન થતા અત્યંત ખુશ છે. તેમણે ડો. આશિષ હડીયલ અને આયુષ હોસ્પિટલના સ્ટાફનો આભાર માન્યો હતો.

## જામનગર જિલ્લાની તમામ કોર્ટમાં આગામી તા.૦૮ માર્ચના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન

**મુખ્ય સમાચાર,જામનગર**

જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, જામનગર દ્વારા આગામી તા.૦૮-૦૩-૨૦૨૫ ના રોજ જિલ્લાની તમામ કોર્ટમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવશે. જે અંતર્ગત, ફોજદારી સમાધાનપાત્ર કેસ, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ચેકનાં કેસ, બેંક રીકવરી દાવા, એમ.એ.સી.પી.નાં કેસ, લેબર તકરારના કેસ, લગ્ન વિષયક તકરારના કેસ, વીજળી અને પાણી બિલ.સમાધાન પાત્ર ન હોય તે સિવાયના. કેસ, કૌટુંબિક તકરારના કેસ, જમીન સંપાદનના કેસ, સર્વિસ મેટરના પે અને એલાઉન્સીસ અને નિવૃતિના લાભના કેસ, રેવન્યુ કેસ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને હાઈકોર્ટમાં પેન્ડીંગ હોય તે જ.અને અન્ય સિવિલ કેસ.ભાડુઆત, સુખાધિકાર હકક, મનાઈ હુકમના દાવા, સ્પેસીફીક પરફોર્મન્સ. વગેરે પ્રકારના કેસો માટે નેશનલ લોક અદાલતનું નાલ્સાના એકશન પ્લાન મુજબ આયોજન કરવામાં આવશે.

જેથી, જામનગર જિલ્લાની તમામ જાહેર જનતા તથા પક્ષકારોને તેઓના ઉપરોક્ત જણાવેલા પૈકીના પેન્ડીંગ કેસોમાં સમાધાનથી તકરારનું નિરાકરણ કરવા, તેઓના વકીલશ્રી મારફતે જે- તે કોર્ટમાં કેસ પેન્ડીંગ હોય, તો તે કોર્ટના કેસ લોક અદાલતમાં મુકવા માટે સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. લોક અદાલત એ તકરારના સમાધાન માટે એક સુખદ નિવારણમાં ફોરમ છે. જેમાં પક્ષકાર સમાધાનથી કેસનો નિકાલ લાવી શકે છે અને તેનાથી પક્ષકારને ઝડપી ન્યાય મળી શકે છે.

વધુમાં, લોક અદાલતના માધ્યમથી કેસમાં સમાધાન કરવાથી લોકોને આર્થિક નુકશાની થતી નથી અને સમયની બચત થાય છે. લોક અદાલત



અંગે વધુ માહિતી મેળવવા માટે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, જામનગરના સંપર્ક નં.૦૨૮૮-૨૫૫૦૧૦૬ પર સંપર્ક સાધી શકાશે. તેમજ દરેક જિલ્લા.તાલુકા કક્ષાની કોર્ટમાં જો કેસ પેન્ડીંગ હોય, તો જે- તે જિલ્લા.તાલુકા કોર્ટનો સંપર્ક કરવા માટે સચિવશ્રી તથા સિનિયર સિવિલ જજશ્રી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## બે બંધ પડેલા મકાનમાંથી સવા ચાર લાખની મત્તા ચોરાઈ

જામનગરના સેનાનગરમાં રહેતા એક મહિલા ચાર મહિના પહેલાં પોતાના પરિવાર સાથે વતનમાં ગયા પછી પંદર દિવસ બંધ પડેલા તેમના મકાનમાંથી સોનાના દાગીના તથા ચાંદીના સાંકળા મળી રૂ.૩,૯૨,૫૦૦ ની મત્તા ચોરાઈ ગઈ છે. જ્યારે ત્યાં જ રહેતો અન્ય એક પરિવાર બહારગામ ગયા પછી બે સપ્તાહ બંધ પડેલા તેમના મકાનમાંથી પણ સોનાના રૂ.૩૦,૫૦૦ના દાગીના ચોરાયા છે. પોલીસે બંને ફરિયાદ રજીસ્ટરે લઈ તસ્કરોના સગડ દબાવ્યા છે.જામનગર નજીકના ઢીંચડા ગામ નજીક આવેલા સેનાનગર માં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના ફતેપુર જિલ્લાના વતની માયાબેન રમેશભાઈ ચંદ્રા નામના મહિલા અને તેમનો પરિવાર ગયા ઓક્ટોબર મહિનાની ૨૪ તારીખે ઘર બંધ કરી વતનમાં ગયા હતા.ત્યાંથી આ પરિવાર અંદાજે બે સપ્તાહ રોકાઈને પરત આવ્યો હતો ઉપરોક્ત સમય દરમિયાન તેમના બંધ મકાનમાં કોઈ તસ્કરો ઘૂસી ગયા હતા. દરવાજો તોડી અને વાળી નાખીને ઘૂસેલા તસ્કરોએ અંદરથી સોનાનો ટીકો, સોનાની ચાર જોડી બુટી, કાનની નથ, બીજી એક તોલાની બુટી, સોનાના એરીંગ, કાનની સર, સોનાની ચાર લેડીઝ વીટી, બે સાદી વીટી તથા ચાંદીના ત્રણ જોડી સાંકળા મળી કુલ રૂ.૩,૯૨,૫૦૦ની મત્તા ચોરી કરી લીધી હતી.આ મહિલાના મકાનનો દરવાજો તૂટેલો જોઈ કોઈએ મહિલાને જાણ કરતા આ પરિવાર ફતેપુર જિલ્લાના અસુથર ગામથી દોડી આવ્યો હતો. આ બાબતની સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાઈ છે. પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુન્હો નોંધ્યો છે.આજ રીતે ઢીંચડા રોડ પરના સેનાનગરમાં જ રહેતા મૂળ બિહાર રાજ્યના કૈમુર જિલ્લાના અવહરીયા ગામના વતની રાકેશભાઈ રામાશંકર સિંઘ નામના પોતાના પરિવાર સાથે બહારગામ ગયા પછી સોમવારની વહેલી સવારે પાંચેક વાગ્યે પરત આવ્યા હતા તે સમય દરમિયાન તેમના દરવાજાને તોડી તથા વાળી નાખી ઘૂસેલા તસ્કરે અંદરથી સોનાની વીટી, બાલી, સોનાનો દાણો મળી કુલ રૂ.૩૦૫૦૦ની મત્તા ચોરી કરી લીધી છે. તેઓએ પણ સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે કેટલાક શખ્સોની પૂછપરછ આદરી છે.

## વાંકાનેરમાં પ્રોહીબીશનના ગુનામાં ૮ વર્ષથી વોન્ટેડ આરોપીને રાજસ્થાનથી દબોચી લેવાયો



મોરબી ક્રાઈમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ઈંગ્લીશ દારૂના ગુન્હામાં છેલ્લા ૮ વર્ષથી નાસતા ફરતા આરોપીને રાજસ્થાન રાજયના બાડમેર જીલ્લા ખાતેથી પકડી લેવામાં આવ્યો છે. મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી લેવા ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ હોય જે, ડ્રાઈવ દરમ્યાન વધુને વધુ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના કરેલ હોય જે અન્વયે મોરબી ક્રાઈમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્કવોડ ટીમ જીલ્લાના પ્રોહીબીશનના ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા પ્રયત્નશીલ હતા તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના એએસાઈ જિજ્ઞાસાબેન કણસાગરા, જયેશભાઈ વાઘેલા, બ્રિજેશભાઈ કાસુન્દ્રા તથા વિક્રમભાઈ રાઠોડને સંયુક્તમા ખાનગીરાહે હકિકત મળેલ કે, વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશનના ગુનામાં ૮ વર્ષથી વોન્ટેડ આરોપી મુનીમ સુરેન્દ્રકુમાર ઉર્ફે સુરેશ ડોગીયાલ રહે.બાડમેર (રાજસ્થાન) વાળો હાલે બાડમેર રાજસ્થાન ખાતે હોવાની ચોકકસ અને ભરોસાપાત્ર હકીકત મળતા તુરંત હકીકત વાળી જગ્યાએ જઈ તપાસ કરતા ઉપરોક્ત ગુન્હાના નાસતો ફરતો આરોપી સુરેન્દ્ર બીરારામ ચૌધરી ઉવ.૩૯ રહે.સઉઓ કી ઢાણી,મોખાબ ખુર્દ, મૌખાબ કલાં તા.જી.બાડમેર (રાજસ્થાન) વાળો બાડમેર બલદેવનગર ખાતેથી મળી આવતા તેને પકડી લઈ, હસ્તગત કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે વાકાંનેર તાલુકા પોલીસ સ્ટેશનને સોપી આપેલ છે.

## મોરબીના જેતપર ગામે ચૂલામાં પાણી ગરમ કરતી વેળા દાઝી ગયેલ પરિણીતાનું સારવારમાં મૃત્યુ

મોરબી તાલુકાના જેતપર ગામે વણકરવાસમાં રહેતા ગીતાબેન પ્રવિણભાઈ પરમાર ઉવ-૩૬ ગઈકાલ તા.૨૭/૦૨ના રોજ પોતાના રહેણાંક મકાને ફળીયામાં પાણી ગરમ કરવા સારૂ ચુલામાં આગ પેટાવેલ હોય જે આગમાં પોતાની સાડીનો છેડો આગમાં અડી જતા કપડામાં આગ લાગી જતા ગીતાબેન શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા ત્યારે પરિવારજનો તેમને પ્રથમ સારવાર અર્થે જેતપર સી.એચ.સી. સેન્ટર બાદ વધુ સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલે લઈ ગયા, જ્યાંથી પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા, જ્યાં ચાલુ સારવાર દરમ્યાન ગીતાબેનનું મૃત્યુ નીપજ્યું હતું, પોલીસ તપાસમાં મૃતક ગીતાબેનના પતિ પ્રવીણભાઈ પરમાર પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, ચૂલામાં સાડીનો છેડામાં આગ લાગ્યા બાદ અક્સ્માતે આખા શરીરે સખત રીતે દાઝી જવાના કારણે ચાલુ સારવારમાં ગીતાબેનનું મૃત્યુ થયું હોવાની વિગતોને આધારે તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ફરી છે.

## હળવદમાં છરી સાથે ઈન્સ્ટાગ્રામમાં વીડિયો વાયરલ કરનાર બે ઈસમોને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું



**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદમાં જાહેરમાં છરી સાથે વિડીયો ઉતારી ઈન્સ્ટાગ્રામ ઉપર વાયરલ કરનાર બે ઈસમોને હળવદ પોલીસે શોધી તેની અટક કરી તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ હળવદમાં સોશ્યલ મીડીયા એપ્લીકેશન ઈન્સ્ટાગ્રામમાં કેટલાક ઈસમોનો છરી સાથે ઉતારેલ વિડીયો વાયરલ થયેલ હોય જેથી હળવદ પોલીસ મથક પીઆઈ આર.ટી વ્યાસ દ્વારા તપાસ કરાવતા વિડીયોમાં દેખાતા ઈસમો હળવદ પોલીસ સ્ટેશન વિસ્તાર રહેવાસીઓ તેમજ વિડીયો ઉતારેલ તે સ્થળ હળવદ સામંતસર તળાવ પાસે આવેલ બગીચાનો હોવાનુ સામે આવ્યું હતું, હળવદ પોલીસ ટીમે તાત્કાલિક જરૂરી હકિકત મેળવી, વાયરલ વિડીયોમાં દેખાતા ઈસમોની ઓળખ મેળવી બન્ને આરોપી જીતેશભાઈ મનોજભાઈ કાનજીભાઈ રાઠોડ રહે.હળવદ બાયપાસ ત્રણ રસ્તા પાસે તથા આરોપી કરણભાઈ બળદેવભાઈ સડલીયા રહે.હળવદ જી.આઈ.ડી.સી બાલાજી કારખાના પાસેવાળાને છરી સાથે દબોચી લઈ બન્ને આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવેલ છે.

## વાંકાનેરના અગાભી પીપળીયા ખાતે મળી આવેલ સગીર બાળકનું પાલક માતા-પિતા સાથે પુનઃમિલન

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસ ટીમ દ્વારા વધુ એક પ્રજાલક્ષી સરાહનીય કામગીરી કરવામાં આવી છે, જેમાં રાજકોટમાં શ્રમિક પરિવારનો સગીર દીકરો કોઈ કારણોસર ગુમ થઈ વાંકાનેર તાલુકાના અગાભી પીપળીયા ગામ ખાતે પહોંચ્યો હોય ત્યારે વાંકાનેર તાલુકા પોલીસ ટીમને જાણ થતાં ગણતરીની કલાકોમાં ગુમ થયેલ સગીર બાળકના પાલક માતા-પિતાને શોધી, ખાત્રી કરી તેના વાલી-વારસને સગીર બાળક સોંપવામાં આવ્યું હતું. જાણવા મળતી વિગતો અનુસાર, વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગઈકાલ તા.૨૭ ફેબ્રુઆરીના રોજ એક જાગૃત નાગરીક દ્વારા ટેલીફોનીક જાણ કરેલ કે અગાભી પીપળીયા ગામેથી વાલીવારસ વગર સગીરવયનો બાળક મળી આવેલ છે. જેથી તુરંત વાંકાનેર તાલુકા



પોલીસ ટીમે બાળકનો કબ્જો સંભાળી અને તેના વાલી વારસ શોધવા માટે કવાયત શરૂ કરી હતી, જે બાદ પોલીસ સ્ટાફે બાળકને સાથે રાખી તેના વાલીને ટુંકા સમયમાં રાજકોટ શહેર આજીડેમ લાપાસરી મામાદેવ મંદીર પાસે રહેતા અને છુટક કડીયાકામની મજુરી કરતા અનકરભાઈ પાંગલીયા મોહનીયા ઉવ.૨૫ મુળ રહે. બલોલા તા.પારા જી.જાંબવા(એમ.પી) વાળાને શોધી ખાત્રી કરતા આ સગીરવયનો બાળક છેલ્લા દોઢેક વર્ષથી તેની સાથે રહેતો હોય જે ખાત્રી કરી સગીરવયના બાળકને તેના પાલક માતા-પિતાને સોંપી આપેલ હતો, બીજીબાજુ ગુમ થયેલ બાળકના પાલક માતા-પિતા તેના બાળકને શોધતા હોય અને બાળક મળી જતા તેમણે રાહતનો શ્વાસ લીધેલ હતો.

## ભીસ્તીવાડના નામચીન શખ્સનું વધુ એક કારસ્તાનઃ વેપારીનું અપહરણ કરી રૂા.૫૦ લાખની ખંડણી માંગી

### રાજકોટ પોલીસ પર ભીસ્તીવાડમાં હુમલો કરનાર ટોળકીએ હવે લીધો હવાલોઃ રૂખડિયાપરામાં ગોંધી રાખી પાઈપથી મારકૂટ : બે પૂર્વ ભાગીદાર સહીત દસ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના ભીસ્તીવાડમાં પોલીસ પર હુમલો કરવામાં સામેલ શખ્સોએ હવે પૈસા કઢાવવાનો હવાલો લઈ વેપારીનું અપહરણ કરી ધમકી આપતા યુનીવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

રાજકોટના યુનીવર્સીટી રોડ પર નંદભૂમિ એપાર્ટમેન્ટમાં રહેતા વેપારી આનંદભાઈ ગીરધરભાઈ કણસાગરા ઉ.૩૯એ રાજકોટના તેના પૂર્વ ભાગીદાર અમિત પ્રફુલચંદ્ર કાચા, હિરેન ગોરધનભાઈ ઠુમ્મર, હવાલો લેનાર જાહિદ મહમદરફીક સંઘવાણી, સમીર ઉર્ફે ધમો બસીરભાઈ શેખ, ઈશોભા રીઝવાન દલ, મીરખાન રહીશ દલ અને ચાર અજાણ્યા સામે યુનીવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે મેં સુમિત ભીમાણી, જીનેશ મહેતા, અમિત અને હિરેન સાથે ઓડીશામાં પાઈપ બનાવવાની ભાગીદારીમાં ફેક્ટરી શરુ કરી હતી ૨૦૨૨માં અમિત, ગોરધન અને જીનેશ છુટા થયા ત્યારે ત્રણેયને અમારે ૭૫-૭૫ લાખ આપવાના હતા ૨૦૨૪માં હું પણ છૂટો થઈ ગયો ત્યારે અમિત અને હિરેને કહેલ કે તું ભલે છૂટો થઈ ગયો તારે ૫૦ ટકા તો આપવા જ પડશે બાદમાં ચેક બાઉન્સની ફરિયાદ કરી હતી ૧૨ દિવસ પૂર્વે રાત્રે એકાદ વાગ્યે જાહિર અને સમીરે ઘરે આવો ફોનમાં વાત કરાવતા કહ્યું કે રૂપિયા ક્યારે આપીશ કહી કાલે ઓફિસે આવજે તેમ કહી જતા રહ્યા હતા મને ફોન કરતા મેં ફોન કાપી નાખ્યો હતો.

બીજા દિવસે કોર્ટ મુદતેથી હું જતો હતો ત્યારે કાળા કલરની સ્કોર્પિયોએ આંતરી જાહિર, સમીર, ઈશોભા અને મીરખાને છરી બતાવી ગાડીમાં બેસી જા નહિતર અહી જ તારું પૂરું કરી નાખીશું કહી ધમકી આપતા હું બેસી ગયો હતો અને આંખ પર મુક્કા મારી રૂખડિયાપરામાં વાડામાં લઈ જઈ ફોન કરી અન્ય



ચારને બોલાવી લીધા હતા પાઈપથી માર માર્યો હતો અમિતને ફોન કરતા તેણે કહેલ કે તારે મને ૫૦ ટકા રૂપિયા આપવા જ પડશે બાદમાં ટોળકીએ ૫૦ લાખ રવિવાર સુધીમાં નહી આપે તો તને અને તારી દીકરીને છરીના ઘોદા મારી દઈશું પોલીસ ફરિયાદ કરીશ તો પરિવારને મારી નાખીશું કહી ધમકી આપી પરત મૂકી ગયા હતા જેથી સારવાર લીધા બાદ અંતે ફરિયાદ નોંધાવતા પીઆઈ પટેલ સહિતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મહાપલિકાના જન્મ-મરણ વિભાગમાં કાયમ હાલાકી

## સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે છેલ્લા ઘણા સમયથી અરજદારોની લાગતી લાઈનો, પૂરતો સ્ટાફ ન હોય બે કિટ ઉપર ગબડાવાતું ગાડું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મહાનગરપાલિકાની અલગ અલગ પ્રકારની જાહેર સેવાઓ પૈકી જન્મ-મરણ વિભાગ અને આધારકાર્ડ વિભાગમાં સૌથી વધુ અરજદારો રોજીંદા જોવા મળતા હોય છે. બજેટમાં આધારકાર્ડની કામગીરી વોર્ડવાઈઝ કરવાની મસમોટી જાહેરાત કરી દીધી પરંતુ દિવા નીચે અંધારુ હોય તેમ મહાપાલિકાની સેન્ટ્રલઝોન કચેરી ખાતે આવેલ જન્મ-મરણ વિભાગની કચેરીમાં છેલ્લા એક સપ્તાહથી મોટી લાઈનો લાગી રહી છે અને અરજદારોમાં દેકારો બોલી ગયો છે. જેનું કારણ જન્મ-મરણ વિભાગમાં સ્ટાફ પુરતો ન હોવાથી ફક્ત બે કિટથી ગાડુ ગબડાવતું હોય અરજદારો પરેશાન થઈ રહ્યા છે અને આ મુદ્દે ઉપર સુધી રજૂઆત કરેલ હોવા છતાં આજ સુધી આ મુદ્દેકોઈ કાર્યવાહી ન થતાં મુશ્કેલી આજે પણ યથાવત રહેવા પામી છે.

મહાનગરપાલિકાની ત્રણેય ઝોનલ કચેરી ખાતે જન્મ-મરણ વિભાગની કચેરી કાર્યરત છે. નવા જન્મના દાખલા તેમજ મરણના દાખલા માટે અરજદારોની દરરોજ ભારે ભીડ રહેતી હોય છે. તેવામાં આધારકાર્ડ માટે જન્મનો પુરો દાખલો આપવાનો નિયમ ફરજિયાત બનાવતા છેલ્લા ઘણા સમયથી અગાઉના જન્મના દાખલાને પુરા નામનો દાખલો બનાવવા માટે અરજદારો ઉમટી પડે છે.

ત્રણેય ઝોનલ કચેરી ખાતે ચાર ચાર કીટ ફાળવવામાં આવી છે. અને જન્મ-મરણ વિભાગની કચેરીમાં મોટાભાગનો સ્ટાફ કોન્ટ્રાક્ટ બેઈઝ ઉપર રાખવામાં આવ્યો છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી ત્રણેય ઝોનલ કચેરીખાતે અરજદારોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. દરરોજ સવારથી અરજદારો જન્મ-મરણ વિભાગની કચેરીએ લાઈનમાં ઉભા રહી જાય છે. જે ત્રણ વાગ્યા સુધી લાઈનો જોવા મળી રહી છે. આ મુદ્દે જન્મ મરણ વિભાગમાં તપાસ કરતા માલુમ પડેલ કે, સેન્ટ્રલઝોન કચેરી ખાતે જન્મ-મરણના કામ માટે ચાર કિટ ફાળવવામાં આવી છે. પરંતુ અપુરતા સ્ટાફના કારણે દરરોજ બે કિટ ઉપર જ કામ થઈ શકે છે. છેલ્લા ઘણા સમયથી સ્ટાફની માંગણી




કરવામાં આવી રહી છે. પરંતુ અધિકારીઓ અને પદાધિકારીઓ આ બાબતે આજ સુધી ધ્યાન આપ્યું નથી. જેના લીધે છેલ્લા એક સપ્તાહથી અરજદારો ધોમ તડકામાં લાઈનમાં ઉભા રહેવા મજબુર બની રહ્યા છે. મનપાના જન્મ-મરણ વિભાગમાં આમ તો આખુ વર્ષ અરજદારોની લાઈનો જોવા મળતી હોય છે. પરંતુ સપ્તાહમાં સોમવાર અને બુધવારના રોજ વધુ અજદારો હોય છે. જેના લીધે કચેરીમાં પણ વધારાની કીટો ફાળવવી જોઈએ તેવી અગાઉ માંગ ઉઠી હતી. જેની સામે રૂટીન કામગીરીમાં પણ સ્ટાફના ફાફા પડતા હોવાનું જાણવા મળેલ છે.

### સર્વર ડાઉનનો ડખો તો ઉભો ને ઉભો

મનપાના જન્મ-મરણ વિભાગમાં રોજીંદા અરજદારોની ભારે ભીડ જોવા મળે છે એક તો સ્ટાફ ઓછો હોવાના કારણે અરજદારોના સમયનો વેડફાટ થઈ રહ્યો છે. જેની સામે અવાર નવાર સર્વર ડાઉનથવાની ઘટના તેમજ કનેક્ટીવીટી લો થઈ જવાની ઘટનાઓ પણ રોજીંદી બની ગઈ છે. આથી જન્મ-મરણ વિભાગમાં આગામી દિવસોમાં કીટ પ્રમાણેનો પુરતો સ્ટાફ ફાળવવામાં આવે તો પણ કનેક્ટીવીટી અને સર્વર ડાઉન થવાનો ડખ્ખો તો કાયમી ઉભો જ રહેશે તેમ જન્મ-મરણ વિભાગના અધિકારીઓ જ કહી રહ્યા છે જેનું નિરાકરણ ઝડપથી આવે તો કામગીરી સરળ બને તેમ પણ જણાવ્યું હતું.

ત્યારે પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા આધારકાર્ડની કામગીરી વોર્ડવાઈઝ કરવાની જાહેરાત કરી છે.

આથી અરજદારો કહી રહ્યા છે કે, ત્રણ સ્થળે પુરતો સ્ટાફ આપી શકવામાં નિષ્ફળ રહેલ પદાધિકારીઓ વોર્ડવાઈઝ કામગીરી કેવી રીતે કરશે. આથી જન્મ-મરણ વિભાગમાં ઘટતો સ્ટાફ ઝડપથી પુરો પાડવામાં આવે તેવી જન્મ-મરણ વિભાગના અધિકારીઓ અને અરજદારોની માંગ છે.

# શહેરના પોશ વિસ્તાર રેસકોસ ગાર્ડનમાં બગીચામાં દારૂની ખાલી બોટલો: રાત્રે મહેફિલ જમતી હોવાની આશંકા

## રાજ્યભરમાં દારૂબંધી ફક્ત કાગળ પર, બસ સ્ટેશનમાં દારૂની કોથળીઓ મળે: બગીચાઓ અને જાહેર સ્થળો પર દારૂની બોટલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, રાજકોટ મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા ની સંયુક્ત યાદી જણાવે છે કે સમગ્ર ગુજરાતમાં દારૂબંધી અમલમાં છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી એ ફક્ત કાગળ પર છે. બુટલેગરોના દારૂના ટ્રકોનું પાયલોટિંગ રાજકોટ શહેર પોલીસ કરતી હોવાનું ભૂતકાળમાં ખુલ્યું છે બુટલેગરો અને પોલીસો વચ્ચે સાંઠ ગાંઠ હોવાને પગલે શહેરના સીમાડાઓ અને શહેરમાં દારૂની રેલમછેલની ઘટનાઓ સતત બનતી રહે છે. દારૂડીયાઓ પકડાય છે ત્યારે ક્યારેક પોલીસ કેસ કરે છે બાકી દારૂ અંગેના કેસો નોંધતી નથી. રાજકોટ શહેરના બગીચાઓમાં પણ ભૂતકાળમાં દારૂની બોટલો મળી છે અને મહેફીલો જામતી હોવાની બાબત પ્રકાશમાં આવી હતી. તાજેતરમાં રાજકોટના હાર્દ સમાન અને પોશ વિસ્તાર રેસકોર્સના માધવ સિંધિયા તરફ જતા બગીચામાં દારૂની ખાલી બોટલો ના ઢગલાઓ જોવા મળ્યા હતા. અહીં સવાલ એ છે કે જો સીસી ફૂટેજ કેમેરા હોય અને ચોકીદારો હોય રાજકોટ મહાનગરપાલિકાના વિજિલન્સ માં સિક્યુરિટી પાછળ કરોડોનું આંધણ થાય છે. પોલીસ તંત્ર ફક્ત અને ફક્ત ટ્રાફિકના કેસો કરવામાં અને સરકારી તિજોરી ભરવા સિવાય કોઈને રસ નથી. બાજુમાં મહિલા ગાર્ડન હોય અને આ જગ્યાએ જો દારૂની બોટલો રોજ રોજ એક એક વધી રહી છે આજે ચાર બોટલો છે. રોજ એક બોટલ બગીચામાં વધી રહી છે. આ બગીચામાં રાત્રે મહેફિલો જામતી હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાનું તંત્ર અને રાજકોટ શહેર પોલીસનું તંત્ર ઊંઘમાં છે કે અંધારામાં છે. ભૂતકાળમાં અને



બગીચાઓમાં દારૂની મહેફિલો જામતી હોવાની અને દારૂના ખાલી બોટલો મળી છે માધાપર એસ.ટી બસ સ્ટેશનની અંદર પણ દારૂની ખાલી કોથળીઓ મળી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી તેમ છતાં પોલીસ દ્વારા કોઈ પગલા ભરવામાં આવ્યા નથી. આમ તો દારૂની ખાલી બોટલો કે દારૂની ખાલી બેગ કોઈની હદ માં જોવા મળે તો છે તે પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવતો હોય છે ત્યારે બગીચામાં પડેલી ખાલી બોટલો અંગે પોલીસ આજુબાજુના સીસી ફૂટેજ મેળવી રાજકોટ મહાનગરપાલિકાના જવાબદાર સામે અથવા દારૂડિયા અને લુખ્ખાઓ સામે ગુનો નોંધે એવી રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની માંગ છે.

# સ્માર્ટ સિટી નજીક ગેરકાયદે દબાણો હટાવાશે

## ત્રણ નોટિસ છતાંય દબાણ ન હટાવાતા કલેક્ટર આકરા પાણીએ, માધાપર ચોકડી નજીકનું દબાણ પણ હટાવાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

છેલ્લા કેટલાક સમયથી રાજકોટ જિલ્લા કલેકટરની સુચના મુજબ શહેર-જિલ્લામાં જુદા જુદા સ્થળે આવેલી કરોડો રૂપિયાની સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર ખડકાય ગયેલા દબાણો ઉપર સંબંધિત મામલતદારોનાં બુલડોઝરો ધડાધડ ફરી રહ્યા છે. અને કિંમતી જમીનો ખૂલ્લી કરાવાઈ રહી છે.

રાજકોટ શહેરના સ્માર્ટ સિટી નજીક રાજકોટ મહાનગરપાલિકાના આપેલી ૧૬,૦૦૦ ચોરસ મીટર કરોડોની જમીન ઉપર છેલ્લા કેટલાય સમયથી બિનઅધિકૃત દબાણો કરવામાં આવ્યા હતા. જેમાં બે ડઝન જેટલા મકાનો પણ ખડકી દેવામાં આવ્યા હતા જેને લઈ પશ્ચિમ મામલતદાર અજીત જોશી દ્વારા દમણકારોને નોટિસ આપવામાં આવી હતી .અને તાત્કાલિક દબાણ દૂર કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

પશ્ચિમ મામલતદારના સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે મામલતદાર દ્વારા ત્રણેય નોટિસ આપ્યા છતાં પણ દબાણ દૂર ન કરતા આગામી ૨૪ કલાકમાં મકાન ખાલી તેમજ દબાણ હટાવવા માટે સૂચના આપવામાં આવી છે. જો દબાણ દૂર કરવામાં નહીં આવે તો વડાપ્રધાનના સૌરાષ્ટ્ર પ્રવાસ બાદ દબાણ ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવશે.

બીજી બાજુ રાજકોટ શહેરની માધાપર ચોકડી નજીક તાલુકા મામલતદાર દ્વારા સર્વે નંબર ૧૧૧ પૈકીની ૩૦૦ ચોરસ મીટર સરકારે જમીન પર દબાણથયાનું ધ્યાનમાં આવ્યા બાદ નોટિસો આપવામાં આવી હતી છતાં



પણ દબાણ દૂર ન કરતા આવતા અઠવાડી ડિમોલ ની કામગીરી હાથ ધરવામાં આવશે અને ૩૦૦ ચોરસ મીટરમાં ખડકાયેલી ત્રણ જેટલી દુકાનો સહિતનું દબાણ તાલુકા મામલતદર દૂર કરવામાં આવશે.

## યુ. વી. એમ. સી. પાર્ટી લોન્સના લોન્ચિંગને એક વર્ષ પૂર્ણ થતા

# મોઢવણિક મહાજન દ્વારા રવિવારે રાંદલ માતાજીના ૧૦૮ લોટાનો અલૌકીક ધર્મોત્સવ

## ૫૪ મનોરથી રાંદલ માતાજીની કરશે આરાધના: ગોરણીઓને ભેટ મોઢવણિક મહાજન દ્વારા અપાશે: જ્ઞાતિ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહી ધર્મોત્સવને દિપાવશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સંત અને સુરાની પાવનભૂમિ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં વધુ એકવાર અલૌકીક ધર્મોત્સવ યોજાશે. જેનું યજમાન બનશે શ્રી મોઢવણિક મહાજન રાજકોટ દ્વારા યૂવીએમસી પાર્ટી લોન્સ ના લોન્ચીગ ના પ્રસંગને એક વર્ષ પૂર્ણ થવાના અવસરે આગામી તા. ૨ માર્ચને રવિવારના રોજ શ્રી મોઢવણિક મહાજન દ્વારા ૫૪ જોડી અર્થાત ૧૦૮ રાંદલ માતાજી ના લોટા ઉત્સવ ના અલૌકીક ધર્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જ્ઞાતિ ભોજન પણ યોજાશે. આગામી રવિવારે યૂવીએમસી પાર્ટી લોન્સ ખાતે યોજાનારા આ ધર્મોત્સવ અંગે વધુ માહિતી આપતા શ્રી મોઢવણિક મહાજનના યુવા પ્રમુખ ભાગ્યેશભાઈ વોરા, મેનેજીંગ ટ્રસ્ટી કીરેનભાઈ છાપીયા અને સહમંત્રી કેતન પારેખ એ જણાવ્યું હતું કે, ૧૦૮ રાંદલ માતાજીના લોટા ઉત્સવમાં ૫૪ મનોરથી માતાજીની ભક્તિભીની આરાધના કરશે. સવારે ૯ કલાકે પૂજનવિધિ સાથે દિવ્ય અવસરનો આરંભ થશે. સવારે ૧૦:૩૦ કલાકે મનોરથી દ્વારા ગોરણી નું પૂજન કરવામાં આવશે. સવારે ૧૧:૦૦ કલાકે ગોરણીઓ મહાપ્રસાદ લેશે. ત્યારબાદ સવારે ૧૧:૩૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી મોઢવણિક જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ યોજાશે. તમામ ગોરણીઓને મહાજન દ્વારા ભેટ આપવામાં આવશે.

આ અલૌકીક ધર્મોત્સવમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રાજકોટ જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ રાજુભાઈ ધારૈયા, ભાજપ અગ્રણી કશ્યપભાઈ શુક્લ, વોઈસ ઓફ ધ ડે ના એમ. ડી. કૃણાલભાઈ મણિયાર, એસ. એસ. એમ. એ. ના પ્રમુખ ડી. વી. મહેતા, પંચનાથ મહાદેવ સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ દેવાંગભાઈ માંકડ, લઘુ ભારતી રાજકોટ ના પ્રમુખ યશભાઈ રાઠોડ, પંચનાથ મહાદેવ સાર્વજનિક ટ્રસ્ટના ઉપપ્રમુખ વસંતભાઈ જસાણી અને પંચનાથ મહાદેવ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી નીતિનભાઈ મણિયાર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી ધર્મોત્સવને દિપાવશે. અખબારી આલમ સાથે જોડાયેલા મોઢવણિક સમાજના હિરેનભાઈ પારેખ(અબતક), રાજેશભાઈ મહેતા(ખબર ગુજરાત), સુકેતુભાઈ વજરીયા(સમકાલીન ન્યૂઝ), નિહિરભાઈ પટેલ(દિવ્ય ભાસ્કર), દર્શિતભાઈ ગાંગડિયા(ખાસ ખબર), હિમાંશુભાઈ કલ્યાણી(ખાસ ખબર), કુલીનભાઈ પારેખ(દિવ્ય ભાસ્કર ડિજિટલ), તુષારભાઈ પરીખ(દિવ્ય સમર્થન ન્યૂઝ) અને શુભમભાઈ અંબાણી(કોલમિસ્ટ દિવ્ય ભાસ્કર) ની પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહેશે.



આ ધર્મોત્સવ માં મહાપ્રસાદના મનોરથી તરીકે તરલાબેન આર. મહેતા, બિંદુબેન એચ. મોદી, જ્યોતિબેન પી. વોરા, મધુબેન જે. છાપીયા, રમાબેન જે. પારેખ, છાયાબેન બી. મહેતા, મીરાબેન જે. મહેતા અને ડો. ક્રિનાબેન પી. ગાંગડિયા ને ભક્તિભીનો લ્હાવો પ્રાપ્ત થયો છે. મોઢવણિક જ્ઞાતિજનો માટે રાજકોટમાં પ્રથમવાર યોજાઈ રહેલા ૧૦૮ રાંદલ માતાજી ના લોટા ઉત્સવ, મહા પ્રસાદ/જ્ઞાતિ ભોજન નાં લાભ લેવા શ્રી મોઢ મહાજન ના પ્રમૂખ ભાગ્યેશભાઈ વોરા, મેનેજીંગ ટ્રસ્ટી કીરેનભાઈ છાપીયા, ઉપપ્રમુખ સુનિલભાઈ વોરા, મંત્રી અશ્વિનભાઈ વડોદરિયા, સહમંત્રી કેતનભાઈ પારેખ, ખજાનચી નીતિનભાઈ વોરા, ટ્રસ્ટી સંજયભાઈ મણિયાર, જગદીશભાઈ વડોદરિયા, ઈલેશભાઈ પારેખ અને ધર્મેશભાઈ વોરા દ્વારા સ્નેહ સભર આમંત્રણ જ્ઞાતિજનોને પાઠવવામા આવ્યું છે.

# ધો ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવતા મનપાના પદાધિકારીઓ અને અધિકારીઓ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તા.૨૭ના રોજ શરૂ થયેલી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ ખૂબ સકારાત્મક અભિગમ સાથે ઉજ્જવળ કારકિર્દી બનાવે તેવા ઉમદા આશય સાથે બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓનો જુસ્સો વધારવા સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, માધ્યમિક અને આનુષાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ અને ક્લીયરન્સ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણી, બાગબગીચા સમિતિ ચેરમેન સોનલબેન સેલારા, કોર્પોરેટર જયાબેન ડાંગર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને મો મીઠા કરાવી



શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવેલ છે. વિશેષમાં જણાવે છે કે, પરીણામ એ પરીશ્રમ પર આધારીત છે એટલે ખુબ મહેનત કરો, પરીક્ષામાં આત્મવિશ્વાસ સૌથી વધારે જરૂરી હોય છે, આત્મવિશ્વાસથી પેપર લખો અને જ્વલંત સફળતાઓ મેળવો તેવી શુભેચ્છા અને અભિનંદન પાઠવેલ છે. આ તકે સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલના પ્રિન્સીપાલ સહિત શિક્ષકો પણ જોડાયા હતા.

# વિશ્વભરના ન્યુરો અને સ્પાઈન સર્જન ત્રણ દિવસ બન્યા રાજકોટના મહેમાન : રાજકોટના આંગણે યોજાશે ન્યુરોસર્જન કોન્ફરન્સ

## મગજ અને મણકાની સર્જરી માટે એઈમ્સમાં કેડેવરીક વર્કશોપ : મગજ અને મણકાની આધુનિક સારવાર પદ્ધતિ અંગે થશે ગહન ચર્ચા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજના આધુનિક યુગમાં પણ મગજ અને મણકાની વૈશ્વિક સારવાર પદ્ધતિની ભારતમાં કમી છે ત્યારે રાજકોટના આંગણે ૨૫ વર્ષના અંતરાલ બાદ રાજકોટ ન્યુરોસર્જન એસોસીએશનના યજમાન પદે ન્યુરોલોજીકલ સર્જન સોસાયટી ઓફ ઈન્ડિયા દ્વારા ત્રણ દિવસીય ન્યુરો સર્જન કોન્ફરન્સ યોજાઈ રહી છે.

જેમાં રશિયા, કોરિયા, જાપાન, અમરિકા, ઈન્ડોનેશિયા, લંડન અને મલેશિયાના ૨૦ વિશ્વપ્રસિદ્ધ તબીબો ઉપરાંત ભારતના ખ્યાતનામ ન્યુરો અને સ્પાઈન સર્જન હાજર રહી મગજ અને મણકાની આધુનિકમાં આધુનિક સારવાર પદ્ધતિ અંગે ભારતભરના ન્યુરો અને સ્પાઈન સર્જનને પ્રત્યક્ષ માર્ગદર્શન આપશે. ન્યુરો સર્જન કોન્ફરન્સમાં ન્યુરો નર્સીગ સ્ટાફ માટે પણ ટ્રેનિંગ સેશન રાખવામાં આવ્યું છે.

રાજકોટ ન્યુરોસર્જન એસોસીએશનના યજમાનપદે રાજકોટના આંગણે એઈમ્સ હોસ્પિટલ તેમજ રીજન્સી લગૂન ખાતે આગામી તા.૨૮ ફેબ્રુઆરીથી લઈ ૧ અને ૨ માર્ચના રોજ ન્યુરોલોજીકલ સર્જન સોસાયટી ઓફ ઈન્ડિયાના ઉપક્રમે ત્રિ-દિવસીય ન્યુરો સર્જન કોન્ફરન્સ યોજવા જઈ રહી છે. આ કોન્ફરન્સ અંગે રાજકોટના ખ્યાતનામ ન્યુરો સર્જન અને રાજકોટ ગજ્જઈઈઘગ છઅઉઁઘઝ -૨૦૨૫ ના પ્રમુખ ડો.પ્રકાશ મોઢાએ જણાવ્યું હતું કે, વિશ્વભરમાં ન્યુરો અને સ્પાઈન સર્જરીક્ષેત્રે થઈ રહેલા નવા શોધ સંશોધનો અને નવી સારવાર પદ્ધતિ અંગે રાજકોટ સહિત દેશભરના ન્યુરો સર્જન લાભ લઈ શકે તે માટે રાજકોટ ખાતે નેશનલ લેવલની ન્યુરો સર્જન કોન્ફરન્સ યોજાઈ રહી છે.આ કોન્ફરન્સમાં દેશના ૪૫૦થી વધુ ન્યુરો સર્જન ભાગ લઈ રહ્યા છે જેઓને વિદેશથી આવી રહેલા ૨૦ તેમજ દેશના ટોચના ૭૦ ન્યુરોસર્જન પોતાના બહોળા અનુભવ અને આધુનિક સારવાર પદ્ધતિ અંગે માહિતી ઉપરાંત વર્કશોપમાં પ્રત્યક્ષ સમજ આપશે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટના આંગણે યોજાઈ રહેલી આ ન્યુરો સર્જન કોન્ફરન્સ માટે અંદાજે ૨૦ કરોડથી વધુના વિવિધ ન્યુરોસર્જીકલ ઈન્સ્ટુમેન્ટ મંગાવવામાં આવ્યા છે જે વર્કશોપ સ્થળે ખાસ ઓપરેશન થિયેટરમાં નિર્દશન કરવાની સાથે એઈમ્સ હોસ્પિટલ ખાતે યોજાનાર કેડેવરી વર્કશોપમાં ઉપયોગમાં લઈ દરેક ન્યુરો સર્જનને આધુનિક સારવાર પદ્ધતિ અંગે પ્રત્યક્ષ રીતે સમજણ આપવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, કે ન્યુરો અને સ્પાઈન સર્જરી માટે એઈમ્સ ખાતે દેહદાનમાં આવેલ બોડી ઉપર જ આધુનિક સર્જરી અંગેના ઓપરેશનો પણ કરવામાં આવનાર હોવાનું ડો.પ્રકાશ મોઢાએ જણાવ્યું હતું.

ડો.પ્રકાશ મોઢાએ જણાવ્યું હતું કે, આજના ઝડપી યુગમાં દર ત્રણ મિનિટે એક વ્યક્તિ અકસ્માતમાં મૃત્યુને ભેટી રહી છે. મોટાભાગના અકસમાતના કિસ્સામાં મગજ અને મણકામાં ઈજાઓ પહોંચવાના બનાવો વધુ સામે આવતા હોય છે ત્યારે ટ્રોમાના કિસ્સામાં ન્યુરો અને સ્પાઈન સર્જન પેશન્ટને વહેલામાં વહેલી તકે શ્રેષ્ઠતમ સારવાર થકી જીવ બચાવવાને પ્રાથમિકતા આપતા હોય છે. જો કે,આજના સમયમાં હજુ પણ સ્પાઈન એટલે કે, મણકાની સર્જરી


(તસ્વીર: આનંદ જાવિયા)

વિષે લોકોમાં ડર અને ગેરમાન્યતા જોવા મળે છે અને મણકાની સર્જરીના કિસ્સામાં લોકોને કાયમી અપંગતા અથવા દુ:ખાવો થવાનો ડર જોવા મળે છે. જો કે, તેઓ ઉમેરે છે કે આજના સમયમાં મણકા માટે ઉત્તમ સારવાર પદ્ધતિ આવી છે જેમાં નાના કાપા મૂકી સર્જરી થઈ રહી છે આ પદ્ધતિ માટે આજે સર્જરી કર્યા બાદ કાલે એટલે કે, એક જ દિવસમાં હાલતો ચાલતો થઈ શકતો હોવાનું તેઓએ ઉમેર્યુ હતું.

રાજકોટ ખાતે ૨૮મી ફેબ્રુઆરીથી યોજાઈ રહેલી નેશનલ ન્યુરો સર્જન કોન્ફરન્સમાં ન્યુરો અને સ્પાઈન સર્જનોને આધુનિક સારવાર પદ્ધતિ અંગે પ્રત્યક્ષ માહિતગાર કરવામાં આવનાર છે ત્યારે આ કોન્ફરન્સમાં રાજકોટ ખાતે ૩૦૦થી વધુ રિસર્ચ પેપર રજૂ થનાર છે, આ ઉપરાંત કોન્ફરન્સમાં દેશ અને વિદેશમાંથી ઉપયોગમાં લેવામાં આવતી લેટેસ્ટ ટેક્નોલોજીના સાધનોનું પણ નિર્દશન થશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

